## ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નંબર ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

તા.૧૬ ૦૬/૨૦૨૫

જા. ન. કવટ/ISC-8/૨૦૨૫/ 7302-04.

પ્રતિ,

આચાર્યશ્રી/ પ્રમુખશ્રી,

એ જી ટીચર્સ કોલેજ(ઓટોનોમસ),અમદાવાદ

વિષય:બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ: 1. યુ.જી.સી. રેગ્યુલેશન ઓન મિનિમમ ક્વોલીફીકેશન ફોર અપોઈન્મેન્ટ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઈન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઈન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઈન હાયર એજ્યુકેશન, ૧૮ જુલાઈ ૨૦૧૮.

2. યુ.જી.સી. રેગ્યુલેશન ઓન મિનિમમ ક્વોલીફીકેશન ફોર અપોઈન્ટમેન્ટ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઈન યુનિવર્સિટીઝ એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર ધ મેઈન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઈન હાયર એજ્યુકેશન, ૩૦ જૂન ૨૦૧૦.

3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 29/09/2011

4. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ખ/ તા. 18/06/2012

5. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 20/01/2014

6. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 28/05/2015

7. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 18/04/2016

8. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/112011/2370/ ખ/ તા. 02/07/2020

9. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1020/CHE-219 /ખ/ તા. 24/05/2021

10. સંસ્થાનો, તા.06/0૪/૨૦૨૫નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને આપના સંદર્ભ-10 અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ-9 હેઠળના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની કેટલીક શરતોને આધીન વિકેન્દ્રીકૃત પધ્ધતિથી સમાલાપ કાર્યવાહી કરી ભરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઇ આપની દરખાસ્ત અન્વયે આપની સંસ્થામાં ખાલી પડેલ આચાર્યની જગ્યા સંદર્ભ-1 થી ૭ માં જણાવેલ યુજીસી ગાઇડલાઇન્સ તેમજ સરકારશ્રીના ઠરાવોની વખતોવખતની સુચનાઓ અને જોગવાઇઓ અનુસાર કોલેજોમાં ચાલતા વિષયના આચાર્યની જગ્યાની ભરતી પ્રક્રિયા કરવા નીચેની શરતોને આધીન આચાર્યની પસંદગી કરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

શરતો:

1. સંબંધિત કોલેજો દ્વારા એન.ઓ.સી. મળ્યાના વધુમાં વધુ ૨૫ દિવસોમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અગ્રગણ્ય વર્તમાનપત્રો (એક અંગ્રેજી અને ચાર ગુજરાતી) માં જાહેરાત એવી રીતે આપવી કે ગુજરાત રાજ્યના દરેક ઝોન (ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ)માં પ્રસિધ્ધ થાય જાહેરાત, અરજીનો નમૂનો અને સંદર્ભ દર્શિત ઠરાવો કોલેજની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા બહોળી પ્રસિધ્ધિ માટે રાજ્યની યુનિવર્સિટીઓને જાહેરાતની નકલ તેઓની વેબસાઇટ, નોટિસબોર્ડ પર પ્રસિધ્ધિ માટે મોકલવાની રહેશે.
2. શિક્ષણ વિભાગના સંદર્ભ-૭માં જણાવેલ ઠરાવની શરત-૬ની જોગવાઇ મુજબ એન.ઓ.સી. મળ્યેથી જાહેરાત આપી, જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતોનું પત્રક તૈયાર કરી આ કચેરીને મોકલાવી ઇન્ટરવ્યું અંગેની તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયેથી મેળવી લેવાની રહેશે.
3. પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે. સરકારી પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે તેમજ તમામ પત્રકોની ખરાઇ કરવાની રહેશે અને દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે. ઇન્ટવ્યુની કાર્યાવાહી પૂર્ણ થયા બાદ પસંદગી કાર્યાવાહી સંબંધિત તમામ પત્રકો સમિતિના તમામ સભ્યોની તારીખ સાથેની સહીઓ મેળવીને તે જ દિવસે સરકારી પ્રતિનિધિને સોંપવાના રહેશે. ત્યારબાદ જ પસંદગી સમિતિના સભ્યોએ ઇન્ટવ્યું સ્થળ છોડવાનું રહેશે.
4. સંબંધિત કોલેજ જે યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી હોય તે યુનિવર્સિટીના કેમ્પસમાં ઇન્ટરવ્યું યોજવાના રહેશે. ઇન્ટરવ્યુ પૂર્ણ થયાના બીજા દિવસે ચેક લિસ્ટ, નિયત પત્રકો અને આધારો સાથેની ફાઇલ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
5. લઘુમતિ સંસ્થાએ સરકારશ્રીના સંદર્ભ-૩માં દર્શાવેલ તા.૨૯-૦૯-૨૦૧૧ના ઠરાવમાં જણાવ્યા મુજબ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.
6. ઉમેદવારની પસંદગી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા સંદર્ભ-૯ પરના ઠરાવથી નિયત કરેલ ગુણાંકન પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે. રીસર્ચ સ્કોરની ગણતરી કરવા માટે યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ના એપેન્ડિક્ષ-૨ના ટેબલ-૨ પ્રમાણે કરવાની રહેશે.
7. સંસ્થાને આપવામાં આવેલ એન.ઓ.સી. મુજબની જગ્યાઓ માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, નિમણૂક, એસોસિયેટ પ્રોફેસરના પગાર ધોરણ(સાતમા પગાર પંચ મુજબ)માં પ્રમોશન તથા અનુભવ શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ મુજબ તથા યુજીસીના ધોરણો અનુસાર હોય જેની નોંધ સેવાપોથીમાં સરકાર દ્વારા અધિકૃત અધિકારી દ્વારા સહી-સિક્કા કરી પ્રમાણિત કરેલ હોય તો જ ધ્યાને લેવામાં આવશે. આ મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પસંદગી કરી શકાશે. અન્યથા ઉમેદવારના પગાર, ભથ્થા અનુદાનને પાત્ર ગણાશે નહી.
8. ઉમેદવારની લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હશે તેજ ધ્યાને લેવાશે.
9. આચાર્ય તરીકે નિમણૂક પામતાં ઉમેદવારના તમામ ડોક્યુમેન્ટસની નકલની ફાઇલ (હાર્ડ તથા સોફ્ટ કોપી) કોલેજના દફતરે નિભાવવાની રહેશે.
10. નિમણૂક આપતા પહેલા પૂર્વ મંજૂરી માટે આ કચેરીના પરિપત્ર તથા ચેકલિસ્ટ મુજબ સાધનિક કાગળ, પત્રકો (પ્રતિનિધિ દિઠ તેમજ એકંદર પત્રક તથા રોજકામની નકલ) વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.

21. આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી.ની શરતોમાં ફેરફાર કરવાનો હક તથા પૂર્વમંજૂરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજય સરકારનાં પ્રવર્તમાન નિયમો/ઠરાવોની જોગવાઈઓને આધિન શરતો નક્કી કરવાનો હક ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો રહેશે.

નોંધ ઉપર માન. કમિશ્નરશ્રીના આદેશ અનુસાર.

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર.

નકલ રવાના:

-રજીસ્ટારશ્રી, સંબધિત યુનિવર્સિટી તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારુ
-હુકમ ફાઇલે